પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૮૫ | ૪ જુન, ૨૦૨૩, રવિવાર; જેઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઓડીશા રેલ દુર્ઘટનામાં ૨૮૮ના મોત

## ઓડિશામાં કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનને નડ્યો મોટો અકસ્માત : બચાવ કાર્ય પૂરજોશમાં : બહાનાગા રેલવે સ્ટેશન પાસે શાલીમાર ચેન્નઈ કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન શુક્રવારની સાંજે લગભગ સવા સાત વાગ્યાની આસપાસ આ દુર્ઘટનાનો શિકાર બની હતી



ઓડિશા, તા.૩

ઓડિશાના બાલાસોરમાં ત્રણ ટ્રેનો વચ્ચે ટક્કર થઈ હતી. આ દુર્ઘટના બાદ હાહાકાર મચી ગયો છે. બહાનાગા રેલવે સ્ટેશન પાસે શાલીમાર ચેન્નઈ કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન શુક્રવારની સાંજે લગભગ સવા સાત વાગ્યાની આસપાસ આ દુર્ઘટનાનો શિકાર બની હતી. એક રેલવે અધિકારીના જણાવ્યા મુજબ, બેંગાલુરુ હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન હાવડા જઈ રહી હતી અને એ સમયે પાટા પરથી ઉતરી ગઈ હતી. જેના કેટલાંક ડબ્બા બીજા પાટા પર જઈને પડ્યા હતા. પાટા પરથી ઉતરી ગયેલા આ ડબ્બા શાલીમાર ચેન્નઈ કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન સાથે ટકરાયા હતા. જે બાદ તેના પણ ડબ્બા પલટી ખાઈ ગયા હતા. અધિકારીએ જણાવ્યું કે, કોરોમંડલ એક્સપ્રેસના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા બાદ એક માલગાડી સાથે ટકરાયા હતા. આ દુર્ઘટનામાં ૨૮૮ લોકોના મોત થયા છે અને ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે અને બચાવ કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. બીજી તરફ, રેલવે મંત્રી અશ્વિન વૈષ્ણવે મૃતકો અને ઘાયલોને સહાયની જાહેરાત કરી છે. ઓડિશાના બાલાસોરમાં બે મુસાફરોની ટ્રેન એક માલગાડી સાથે ટકરાઈ હતી અને આ દુર્ઘટના બાદ બચાવકર્મીઓ ફસાયેલા લોકોને બચાવવા માટે જોડાયા છે. આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૨૮૮ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. જ્યારે આ દુર્ઘટનામાં ૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા. ૨ જૂન, ૨૦૨૩ના રોજ બાલેશ્વર જિલ્લાના બહાનાગામાં થયેલી આ રેલવે દુર્ઘટનાને ધ્યાનમાં રાખતા ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે એક દિવસનો રાજકીય શોકનો આદેશ આપ્યો છે. સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## સિગ્નલ સિસ્ટમ ફેલ થતાં કોરોમંડલ એક્સપ્રેસ ખોટા પાટે ચઢતાં અકસ્માત સર્જાયો

### ત્રણ ટ્રેનોની ભયાનક અથડામણને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે, આ બધાની વચ્ચે અકસ્માતનો સંયુક્ત તપાસ રિપોર્ટ બહાર આવ્યો

બાલાસોર, તા.૩

બાલાસોર રેલવે અકસ્માતમાં મોટો ખુલાસો થયો છે. સિગ્નલ સિસ્ટમ ફેલ થઈ હોવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તેમણે જણાવ્યું કે સિગ્નલ સિસ્ટમ ફેલ થઈ જવાને લીધે જ કોરોમંડલ એક્સપ્રેસ ખોટા પાટે ચઢી ગઈ હતી જેના કારણે આ ભીષણ અકસ્માત સર્જાયો હતો. નિરીક્ષણ રિપોર્ટમાં આ સમગ્ર માહિતી સામે આવી હતી. ઓડિશાના બાલાસોરમાં ભયાનક ટ્રેન દુર્ઘટનામાં ૨૮૦ મુસાફરોએ જીવ ગુમાવ્યા છે જ્યારે લગભગ એક હજાર લોકો ઘાયલ થયા છે. ત્રણ ટ્રેનોની ભયાનક અથડામણને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. આ બધાની વચ્ચે અકસ્માતનો સંયુક્ત તપાસ રિપોર્ટ બહાર આવ્યો છે. આ તપાસ રિપોર્ટમાં આ ભયાનક

● અનુસંધાન પાન-૭ પર


**ઓફિસ વેચવાની છે**

World Trade Center, Tower-D, Gift City, ગાંધીનગર

895 Sq.Ft. (Unlockable) | 1540 Sq.Ft. (Lockable)

રેડી પઝેશન

84014 33167












